# ચોમાસું શરૂ થતાં જ નિચાણવાળા વિસ્તારોના લોકોના જીવ અદ્ધરતાલ

**ચોમાસાની ખેડૂતો આતુરતાથી રાહ જોતા હોય છે. જો કે એક તરફ સમગ્ર દેશના ખેડૂતોમાં ખુશીના માહોલ હોય છે તો બીજી તરફ કેટલાક વિસ્તારો એવા હોય છે જ્યાં દર વર્ષે વરસાદી પાણી ફરી વળે છે. તેમને દર વર્ષે સલામત સ્થળે ખસેડવા પડે છે. સારી વાત એ છે કે, આવી ઘટનાઓમાં અત્યાર સુધી કોઇ મોટી જાનહાનિ થઇ નથી. ગુજરાતમિત્ર અખબારે આ વર્ષે પૂર આવતા પહેલા જ પાળ બાંધવાના પ્રયાસ રૂપે તંત્રને એલર્ટ કરવાની કોશિશ કરી છે. હવે જોવાનું એ રહે છે કે, તંત્ર સમયસર જાગશે કે વોહી રફતારની જેમ આ વિસ્તારો ડૂબી જશે?**

ગુજરાતમિત્ર એલર્ટ

## નવસારીમાં આ વર્ષે પણ પાણી ભરાવાનું અને સ્થળાંતરનું પુનરાવર્તન થશે?

**માત્ર** સલામત સ્થળે સ્થળાંતર, કેશ ડોલ્સ અને ભોજન સમાધાન નથી

નવસારી : ચોમાસું બેસે એટલે નવસારીમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા મોં ફાડીને ઊભી થઈ જતી હોય છે. દર વર્ષે પૂરના પાણીને પગલે નવસારીમાં હજારો લોકોનું સ્થળાંતર કરાવવું પડે છે. સ્થળાંતર કરાવવા પાછળ મોટો ખર્ચ કરવો પડે છે, ત્યારે સવાલ એ થાય કે શું નવસારી પાલિકા આ વર્ષે ચોમાસુ બેસવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે આ સમસ્યા અને તેને પગલે થતા ખર્ચને ટાળવા માટે કોઈ પગલાં ભરી રહી છે ખરી? નવસારી પૂર્ણા નદીને કિનારે આવેલું છે. પૂર્ણા નદીના કાંઠે ઘણા લોકો વસે છે, જ્યારે બીજી તરફ નવસારી રેલવે સ્ટેશનના વિસ્તારમાં લાખો લોકો વસે છે. આ વિસ્તાર નીચાણવાળો હોવાથી એ વિસ્તારમાં પાણી ભરાઈ જતા હોય છે. ચોમાસાની ઋતુમાં બે પાંચ દિવસ તો એવા હોય જ છે, જ્યારે દેમાર વરસાદ પડતો હોય છે. એ દિવસોમાં નીચાણવાળા વિસ્તારોના લોકોએ પરેશાની ભોગવવી પડે છે.



### આ વિસ્તારોમાં ભરાઇ જાય છે પાણી

**વિરાવળ, ગધેવાન, કમેલા રોડ, નવસારી રેલવે સ્ટેશનથી વિરાવળ જતો રિંગરોડ, કાશીવાડ, દાંડીવાડ, શાંતાદેવી રોડ, બંદર રોડ, ફૂવારા પાસે રમાબેન હોસ્પિટલવાળો વિસ્તાર તથા રેલવે ગરનાળાનો વિસ્તાર**

### કોઇ તણાઇ તો જવાબદાર કોણ?

ભારે વરસાદ અને પૂર આવ્યા હોય ત્યારે નવસારી- વિજલપોર નગરપાલિકા દ્વારા દર વર્ષે 1200 થી 1500 લોકોનું નજીકની શાળામાં સ્થળાંતર કરાતું હોય છે. આ લોકોના જાન બચાવવા માટે સ્થળાંતર કરીને તેમને સુરક્ષિત સ્થળોએ રાખવામાં આવે છે. ખાસ કરીને નજીકની શાળામાં તેમનું સ્થળાંતર કરાય છે. ફક્ત સ્થળાંતર કરવાનું હોતું નથી. આ સેંકડો લોકોને પાણી ઓસરે નહીં ત્યાં સુધી આ સેંકડો લોકોના જમવા અને સુવાની પણ સુવિધા કરવાની હોય છે. માનવતાના આ કામ પાછળ દર વર્ષે લાખ્ખો રૂપિયા નવસારી પાલિકા ખર્ચ કરતી હોય છે. એ બદલ તેમની પ્રશંસા કરવી પડે. પરંતુ સવાલ એ થાય કે દર વર્ષની આ સમસ્યાને ઉકેલવા માટે નવસારી- વિજલપોર પાલિકા કોઇ પ્રયાસ કરતી નથી ?

### આ સમસ્યા ઉકેલવી મુશ્કેલ છે

આ સમસ્યા ઉકેલવા માટે કોઇ પગલાં ભરવામાં આવ્યા છે કે કેમ એ જાણવા માટે 'ગુજરાતમિત્ર'એ નવસારી- વિજલપોર પાલિકાના ચીફ ઓફિસરને ફોન કર્યો હતો, પરંતુ તેમનો સંપર્ક થઇ શક્યો ન હતો, ત્યારે ઓ.એસ.ને પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતુ કે, પૂર્ણા નદીમાં પૂર આવ્યા હોય ત્યારે જ સમસ્યા ઘેરી બનતી હોય છે. ચોમાસા પહેલાં નાળા સાફ કરવામાં આવે છે, તેથી પૂર ન હોય અને ભારે વરસાદ પડે ત્યારે થોડા કલાકોમાં જ એ પાણી ઓસરી જતા હોય છે. પરંતુ પૂર્ણા નદીમાં પૂર હોય ત્યારે લોકોનું સ્થળાંતર કરાવવું પડતું હોય છે. જો કે એ સમસ્યા ઉકેલવી મુશ્કેલ છે કેમકે લોકો આ વિસ્તારમાં રહેતા હોય છે. તેમને તેમના ઘરમાંથી કાઢી મુકી શકાય નહીં. લોકો સમજીને ઊંચા વિસ્તારમાં રહેતા થાય તો આ સમસ્યા ઉકેલી શકાય એમ છે.

## દર વર્ષે વરસાદમાં ડૂબી જતા વલસાડના હનુમાન ભાગડાનું આ વર્ષે શું થાય તે જોવું રહ્યું?

**ઉપરવાસમાં** વરસાદ આવે તો ઔરંગા નદી છલકાય અને હનુમાન ભાગડા ગરકાવ થઇ જાય છે

વલસાડ : વલસાડને અડીને આવેલું અને શહેરનું એક અભિન્ન અંગ બનેલું હનુમાન ભાગડા ગામ આજે પણ ચોમાસામાં રેલની દહેશત વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યું છે. આ ચોમાસામાં પણ જો ઉપરવાસના ધરમપુર અને કપરાડા વિસ્તારમાં ભારે વરસાદ પડે તો હનુમાન ભાગડામાં રેલ આવવાની સંભાવના રહેલી છે. જેને અટકાવવા તંત્ર હજુ સુધી સફળ થઇ શક્યું નથી.

વલસાડની ઔરંગા નદીને અડીને આવેલા હનુમાન ભાગડામાં દર બે થી 5 વર્ષે રેલ આવે છે. જેમાં ઔરંગા નદીનું પાણી આખા ગામમાં ફરી વળે છે. અહીંના માછીવાડ વિસ્તારમાં આ પાણી ઘરમાં 5 ફૂટ જેટલું ચઢી જાય છે. જેના કારણે ગામના 50 થી 70 પરિવારને સ્થળાંતર કરાવવું પડે એવી નોબત આવી જતી હોય છે. ત્યારે આ ચોમાસામાં વલસાડનું આ ગામ પુર સંભવિત વિસ્તારમાં આવી શકે એમ છે. અહીં આવતું પુર અટકાવવામાં વહીવટી તંત્ર કંઇ કરી શકતું નથી. બસ પુર પહેલાં અર્લી વોર્નિંગ અલાર્મ વગાડી ગામના લોકોને પાણી આવે એ પહેલાં જીવ બચાવી ભાગવાનો સંદેશો આપી શકે છે.



### અર્લી વોર્નિંગ સિસ્ટમ પર જ આધાર

વલસાડ હનુમાન ભાગડા ગામે ભારે વરસાદના કારણે પૂર આવે તેના માટે હાલ અર્લી વોર્નિંગ સિસ્ટમ પર જ આધાર રાખવો પડી રહ્યો છે. આ સિસ્ટમના સુરતના પ્રતિનિધિને જાણ કરી તેને કાર્યવંતિત કરી છે. જેનાથી ઉપર વાસના ધરમપુર કપરાડામાં વરસાદ પડે તો તેની જાણ અહીં થાય અને પૂર પહેલાં લોકોને બચાવી શકાય.

**- અસલમ મન્સૂરી, ડિઝાસ્ટર મામલતદાર વલસાડ.**

### પાળા બનાવાય તો પૂરનું પાણી અટકે

હનુમાન ભાગડા ગામ વર્ષો અગાઉ વસેલું હતુ. લાકડાના વેપારીઓનું આ ગામ સમૃદ્ધ હતુ. એ સમયે ઔરંગા નદીના પાણીને ગામમાં આવતા અટકાવવા લાકડાની ડંકા નંખાયા હતા. સમય જતા ડંકા નિકળી ગયા અને નદીનું વહેંણ ગામ તરફ વળી ગયું. આ વહેણને ગામ તરફ આવતું અટકાવવા અહીં પાળા બનાવી શકાય એમ છે. તેમજ સુંદર રિવર ફ્રન્ટ પણ બનાવી શકાય એવી યોજના મુકી શકાય.

## વલસાડમાં રેલવેના હેડ TTને સ્પેશ્યલ ચા ન મળતાં તલવારો ઉછળી

**અબ્રામા** સુધાનગરમાં થોડા સમય પછી બંને પક્ષકારો તરફથી ટોળે ટોળાં આવ્યા અને ધિંગાણું થયું

**મારામારીનું** સ્વરૂપ મોટું થતા મામલો પોલીસ મથકે પહોંચ્યો

વલસાડ : વલસાડના અબ્રામા સુધાનગર વિસ્તારમાં ચાની લારી પર સ્પેશ્યલ ચા લેવા ગયેલા રેલવેના હેડ ટીટીને સ્પેશ્યલ ચા નહીં મળે આ જ છે, એ લઈ જા એવું ચા વાળાએ કહેતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ મુદ્દે થોડા સમય પછી બંને પક્ષકારો તરફથી ટોળે ટોળાં આવ્યા અને ધિંગાણું થયું હતુ. જેમાં કેટલાક લોકો તલવાર અને લાકડાના ફટકા લઈને આવ્યા હતા. જેને લઈ મારામારીનું સ્વરૂપ મોટું થઈ ગયું હતુ અને આખો મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ રેલવેમાં હેડ ટીટી તરીકે કામ કરતા અને મોગરાવાડીમાં રહેતા વિજય નરસિંહ પટેલ અબ્રામા વિસ્તારમાં નવું મકાન બનાવતા હતા. તેના મકાનમાં કામ કરતા કામદારો માટે તેઓ સુધાનગર સ્થિત વિનોદ કોરી ચાવાળાની લારી પર ગયા હતા. જ્યાં તેમણે સ્પેશ્યલ ચા માંગતા વિનોદે કહ્યું કે, સ્પેશ્યલ નથી. આ જ ચા છે. જે અંગે તેમની વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં ત્યાં બેસેલા સલમાન રહીમ શાહ વચ્ચે પડ્યા અને તેણે કહ્યું કે, અહીં ઝગડો નહી. બહાર જઈને જે કરવું હોય તે કરો. આ મામલો પુરો થયા બાદ વિજય પટેલના પુત્ર રીન્કેશના ફોન પર આ ઝઘડા અંગે ધમકી આપી અને એ ક્રિકેટ રમતો હતો ત્યાં કેટલાક લોકો પહોંચ્યા હતા. જોકે, ત્યાં મામલો પુરો થઈ ગયો અને વિજયભાઈ પુત્ર સાથે જીમખાના મેદાન પર પહોંચ્યા હતા. ત્યારે બીજી તરફ કેટલાક લોકો તલવાર અને લાકડાના ફટકા સાથે તેના ઘરે પહોંચ્યા હતા. જ્યાં તેના ભાભીને તેઓ ધમકાવતા હતા અને વિજયભાઈને ઘરે બોલાવતા હતા.



### આટલા માણસોથી ગભરાઇને વિજયભાઇ પોલીસ મથકે પહોંચી ગયા

આટલા માણસોથી ગભરાઇને વિજયભાઇ પોલીસ મથકે પહોંચ્યા હતા. જ્યાં તેમણે આ અંગે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું કે, તેમના ઘરે સલમાન રહીમ શાહ, સમીર ઉર્ફે બબન, કાસીમ ઝહીર શેખ, મહેબુબ શેખ, આમીર ઇબ્રાહીમ પઠાણ, યુસુફ, સઇદ ઉર્ફે મુલ્લો, ઇમરાન હુસેન મન્સૂરી તેમજ વિનોદ જગરૂપ કોરી સહિત અન્ય કેટલાક ઇસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યારે પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વિનોદના ઘરે પહોંચી મામલો થાળે પાડ્યો હતો. ત્યારે સામા પક્ષે ચાની લારી વાળા વિનોદે વિજય અને તેના કેટલાક સાગરિતો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમની પણ પોલીસે ફરિયાદ લીધી હતી અને તેમના વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## આહવામાં પાણીની સમસ્યામાં વધારો થતા મહિલાઓનો હલ્લો

**આહવાનાં** લોકોની સંખ્યા વધુ અને ઉનાળામાં પાણી પુરવઠો ઓછો હોવાને કારણે પાણીની સમસ્યા સર્જાય : અધિકારીનો પાંગળો બચાવ

સાપુતારા : આહવા નગરનાં લોકોએ પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. ત્યારે મહિલાઓએ પાણી પુરવઠા વિભાગની કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો.

ડાંગ જિલ્લો ગુજરાતનો ચેરાપુંજી તરીકે જાણીતો વિસ્તાર છે. પાણીના સંગ્રહ માટે અનેક યોજનાઓ બહાર પાડવામાં આવે છે. પરંતુ કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ દ્વારા આ કરોડોની યોજનામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોય છે. અને માત્ર દેખાડા પૂરતી કામગીરી કરવામાં આવતી હોય છે. જેના કારણે પાણી સંગ્રહ થઈ શકતુ નથી ત્યારે હાલમાં ડાંગ જિલ્લાનાં આહવા નગરના સ્થાનિકોએ પણ પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. કારણકે હજુ સુધી વિધિવત વરસાદ ચાલુ થયો નથી. પાણી પુરવઠા વિભાગ દ્વારા પણ પાણીનાં સંગ્રહ માટે યોગ્ય સુવિધા કરવામાં આવેલી નહીં હોવાથી સ્થાનિકોએ પાણી માટે વલખાં મારી મારવા પડી રહ્યા છે. ત્યારે સમગ્ર મામલાને લઈને આજરોજ આહવા નગરના સ્થાનિકો પાણી પુરવઠા વિભાગની ઓફિસે પહોંચ્યા હતા અને હલ્લાબોલ કર્યો હતો. ત્યારે પુરવઠા વિભાગના અધિકારીએ પોતાનો પાંગળો બચાવ કરતા જણાવ્યુ હતુ કે, આહવાનાં લોકોની સંખ્યા વધુ અને ઉનાળાનાં અંતે પાણી પુરવઠો ઓછો હોવાને કારણે પાણીની સમસ્યા સર્જાય છે. ગ્રામ પંચાયતમાં આ અંગે જણાવો અથવા તાલુકા વિકાસ અધિકારીને તમારી સમસ્યા જણાવો.અહીં પાણી પુરવઠા વિભાગના અધિકારી દ્વારા લોકોની પાણીની સમસ્યાનું નિરાકરણ કરવાને બદલે અન્ય કચેરીએ મોકલીને પોતાનો પાંગળો બચાવ કરવામાં આવી રહ્યો હતો.



### મોટર હોય તેને પાણી મળે જ્યારે અન્યો પાણીથી વંચિત

વધુમાં પાણી પુરવઠાનાં અધિકારીએ જણાવ્યું હતુ કે, આહવા નગરમાં વારા પ્રમાણે પાણી આપવામાં આવે છે જેથી ઓફિસની ટાંકી ભરાયા બાદ પાણી મળી જશે. ત્યારે આહવા નગરમાં જેની પાસે મોટર હોય તેઓને તો પાણી મળી જાય છે. જ્યારે જે લોકો પાસે પાણીની મોટર નથી તે લોકો પાણીથી વંચિત રહી જતા હોય છે. ત્યારે આ અંગે તપાસ હાથ ધરવામાં આવે અને પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

## વલસાડમાં નાણાંપંચની ગ્રાન્ટ કપાતા 96 ગામના સરપંચનો મોરચો

**ગ્રાન્ટનો** બીજો હપ્તો રૂપિયા 11 કરોડના બદલે રૂપિયા 2.10 કરોડ જ આવતા વિકાસના કામો અટવાતા ડેપ્યુટી ડીડીઓને રજૂઆત

વલસાડ : વલસાડમાં 15મા નાણાંપંચની ગ્રાન્ટ કપાતા વલસાડના 96 ગામના સરપંચ ભારે નારાજ થયા હતા. તેઓ એકત્ર થઇ જિલ્લા પંચાયત પર મોરચો લઇ ગયા હતા. જ્યાં તેમણે ડેપ્યુટી ડીડીઓને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

જેમાં જણાવ્યું કે, તેમના 15મા નાણાંપંચના વિકાસના કામો માટેની ગ્રાન્ટનો બીજો હપ્તો રૂપિયા 11 કરોડના બદલે રૂપિયા 2.10 કરોડ જ આવતા વિકાસના કામો અટવાયા છે.

ભારત સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓમાં ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે 15મા નાણાંપંચ અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી કરાતી હોય છે. જેના બીજા હપ્તામાં વલસાડમાં રૂપિયા 9.56 કરોડ જેટલી રકમ ઓછી અપાઇ છે. જેના કારણે અનેક ગામમાં વિકાસના કામોને માઠી અસર પહોંચશે અને લોક વિરોધ થશે. જેને લઇ વલસાડના 96 ગામના સરપંચ મોરચો લઇ જિલ્લા પંચાયત પહોંચ્યા અને તેમણે આ ગ્રાન્ટ વલસાડ જિલ્લામાં જ કેમ કપાઇ એવી રજૂઆત કરી હતી. બીજી તરફ ડેપ્યુ. ડીડીઓએ તેમને ગામની વસ્તી મુજબ ગ્રાન્ટની ફાળવણી થતી હોવાનું જણાવ્યું હતુ.

## વડખંભા નજીક હાઈવા ટ્રકે દંપતીની મોપેડને અડફેટે લેતા પત્નીનું મોત

**શાકભાજી** લેવા જઈ રહેલા દંપતિની મોપેડને ટ્રક ચાલકે ટક્કર મારતા પતિને ઇજા

વલસાડ : નાનાપોંઢા-ધરમપુર માર્ગ ઉપર વડખંભા પાર નદીના પુલ નજીક હાઈવા ટ્રક ચાલકે મોપેડને અડફેટે ચઢાવતા શાકભાજી લેવા જઈ રહેલા પતિ-પત્ની પૈકી પત્નીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કિકુ લક્ક્ષુ ભૂસારા (રહે. કુરગામ) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ નાનાપોંઢા શાકભાજી લેવા પત્ની સવિતાબેન સાથે જઈ રહ્યા હતા. તે સમયે જ બાજુમાં રહેતા હસમુખ માહલા પણ જઈ રહ્યા હોઈ તેમની મોપેડ ઉપર બેસી ગયા હતા. દરમિયાન નાનાપોંઢા માર્ગ ઉપર હાઈવા ટ્રકના ચાલકે અકસ્માત સર્જતા મોપેડ સ્લીપ ખાઈ જતાં ચાલક સહિત પતિ-પત્ની પટકાતા સવિતાબેનને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે વલસાડ સિવિલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે હસમુખને નાનાપોંઢા અને કીકુને ધરમપુર હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઘટના અંગે ફરિયાદી કિકુએ ટ્રક ચાલક સામે નાનાપોંઢા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસ કરી રહી છે.

### બાઈક, રિક્ષા ચાલકો સામે કાર્યવાહી, રેતી, પથ્થર, ડામર, માટી ભરેલી ટ્રકોના ચાલકો સામે પોલીસ ચૂપ

ધરમપુર-નાનાપોંઢા માર્ગ ઉપર રેતી, પથ્થર, ડામર, માટી ભરેલી ટ્રકોના ચાલકો પુર ઝડપે વાહન ચલાવવાને લઈ નાનામોટા અકસ્માતોની સંખ્યા વધી રહી છે. જોકે પોલીસ દ્વારા લોકોની સુરક્ષા સામે જોખમ ઉભુ કરતા ચાલકો સામે નક્કર કાર્યવાહી નહીં કરાતા આ પ્રકારના અકસ્માતો સર્જતા રહે છે. પોલીસ માત્ર નાના બાઈક ચાલકો કે રિક્ષા ચાલકો સામે કાર્યવાહી કરે છે, તેની સાથે હવે ટ્રાફિકના નિયમનો ભંગ કરતા ટ્રક ચાલકો સામે પણ કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

## પાણીની સમસ્યાથી 700 લોકો પરેશાન

**ધરમપુર** તાલુકાના ધામણીના ગ્રામજનોએ આવેદનપત્ર આપી સમસ્યા દુર કરવાની માંગ કરી

**એક** જ બોર હોવાથી પાણી ખૂટી જતાં લોકોના રાત્રે ઉજાગરા

વલસાડ : ધરમપુર તાલુકાના ધામણી ખાતે પીવાના પાણીની સમસ્યા અને નદી ઉપર કોઝવે પુલની વ્યવસ્થા કરવા મુદ્દે પ્રાંત અધિકારીને ગ્રામજનોએ આવેદનપત્ર પાઠવ્યું હતું.



આવેદન પત્રમાં જણાવ્યા મુજબ ધામણી બાફલી પાડા ફળિયામાં આશરે 70 થી વધુ ઘરો આવેલા છે, જેમાં 700 થી વધુ લોકો વસવાટ કરે છે.

નાર નદીના કિનારે આવેલા આ ગામમાં ફળિયામાં પીવાના પાણી માટે એક જ બોર હોઈ પાણી ખૂટી જતાં લોકોએ રાત્રે પણ ઉજાગરા કરવા પડે છે. મૂંગા પશુઓને પણ પાણી ક્યાંથી પીવડાવવું તે પણ મોટી સમસ્યા ઊભી થઈ છે.

ગામમાં અસ્ટોલ યોજના નથી, અન્ય યોજનાઓ પણ નિષ્ફળ નીવડી છે, ત્યારે અહીં પાણીની સમસ્યા દૂર થવી જરૂરી છે. જો પાણી અને કોઝવેની સમસ્યા દૂર ન થશે તો ઉગ્ર આંદોલનની ચિમકી પણ આવેદનપત્રમાં આપી છે.